

# હિંસાની સંસ્કૃતિ વચ્ચે મૂંઝાતું બાળપણ: એંધાણ સારાં નથી

**પાણી પહેલાં પાળ બાંધી દેવામાં જ શાણપણ છે પણ આવી ઘટનાઓથી વિચલિત થયેલા લોકો પાછા મૂળ બીમારીનો ઈલાજ કરવાને બદલે પોતે જ ઉશ્કેરાઈ જઈ સામાજિક સૌહાર્દ બગાડી બેસે છે**

**મનકા સિતાર**
કેશુભાઇ દેસાઇ

મૈથીલીશરણ ગુપ્તના ચંપૂ કાવ્ય ‘યશોધરા’માં આવતા એક પ્રસંગમાં નાનકડો રાહુલ એની માતા પાસે વાર્તા સાંભળવાની હઠ પકડી બેઠો છે: મા, કહે એક કહાની!

યશોધરા માટે તો એ કાળજાનો કટકો. એને શી રીતે સમજાવે કે બેટા, અત્યારે તો આપણે પોતે જ લોકમુખે ચર્ચાતી એક અવનવી વાર્તા બની ગયા છીએ! રાજકુમાર સિદ્ધાર્થ અડધી રાતે યુવા પરણેતર અને શિશુ રાહુલને ઊંઘતાં મૂકી માનવજાતની પીડાનો કાયમી ઉપાય શોધવા રાજપાટ છોડીને ચાલ્યા ગયા છે. અણસમજુ દીકરાને એવું બધું થોડું કહેવાય! એના બાળમાનસ પર કેવા ઉઝરડા પડે! પણ યશોધરા એના પ્રિયતમને થોડી ભૂલી શકે તેમ હતી? એટલે ભીતરની ભાગોળે ગોરંભાયેલી સ્મૃતિ સળવળી ઊઠે છે અને નાદાન દીકરાને એ ‘વારતા’ કહે છે તો પણ એના પ્રતાપી પિતાના બાળપણની જ.

માતા બાળકને ગળથૂથીમાં જ દયા અને કરુણાનાં સંસ્કાર પિવડાવી દે એથી વધુ રૂડું બીજું શું હોઈ શકે? આદિઅનાદિથી મોટાભાગના લોકો મરનાર કરતાં મારનારના ગુણ ગાતા ફરે છે. શિકાર રાજામહારાજાઓનો શોખ હતો એ સમયે રાજરાણી એના લાડકા બાળારાજાને વિચારતો કરી મૂકે છે: મારનાર મોટો કે બચાવનાર? શિકારી દેવદત્ત તીર ચલાવી ઉદ્યાનમાં ઊડતા હંસને પાડી દે છે. કરુણામૂર્તિ સિદ્ધાર્થ દોડીને ઘાયલ પક્ષીને ખોળામાં લઈને એના લોહીઝાણ દેહને શાતા વળે એવું વર્તન કરવા લાગે છે. એને વહાલથી છાતીસરસું રાખી પાણી પીવડાવે છે. હળવા હાથે પંપાળે છે. શિકારી પિતરાઈ માટે એ પોતાની પ્રોપર્ટી છે, સિદ્ધાર્થ માટે ઘાયલ જીવને બચાવી લેવો એ સહજ માનવ મૂલ્ય છે. એક રીતે રાજકુમાર હોવાથી જીવ માત્રનો જીવવાનો અધિકાર સુરક્ષિત કરવાની એ નૈતિક ફરજ પણ છે પરંતુ શિકારી માટે તરફડી રહેલું ઘાયલ પક્ષી એ એની મિલકત છે, એની મહેનત અને આવડતની ઉપલબ્ધિ છે. એ તો એને રાંધીને જ્યાફત ઉડાડવાનાં સપનાં જોતો હતો ત્યાં આ દયાની પિપૂડી એનું સુરક્ષાકવચ બની ગઈ હતી. બાળકને પણ ઘાયલ પક્ષીને બચાવવા દોડી આવેલ દયાળુ માણસ તરફ જ માન જાગે છે. નિર્દોષ જીવને મારનાર પ્રત્યે નહીં જ નહીં. સત્ય અને અહિંસા જેવાં શાશ્વત મૂલ્યોને આચરણમાં ઉતારી માનવી સાચો માનવ બની શકે બલકે એ દુનિયાની નજરે મહાત્મા પણ બની શકે. મોહનદાસ કરમચંદ ગાંધી નામનો એવરેજ યુવાન વિશ્વવંદ્ય મહાત્મા બની, કશી સત્તા વગર પણ આજે આખી દુનિયા પર પડદા પાછળ રહીને રાજ કરી શકે છે એ કોણ નથી જાણતું? એને સદંતર ભૂંસી નાખવા માગતા વિરોધી વિચારધારાવાળા રાજનેતાઓને પણ એની સમાધિની અને સાબરમતી આશ્રમની મુલાકાત લેવાનો ડોળ કરવો પડે છે. ‘અહિંસા પરમો ધર્મઃ’ સૂત્ર ભલે ભારતીય ગોત્ર ધરાવતું હોય પણ એ દુનિયાની ધરોહર છે. અનિવાર્ય ન હોય ત્યાં સુધી હિંસક પશુ પણ હિંસા નથી કરતાં. હરણબાળને પોતાના શિશુની જેમ સાચવતા સિંહની કરુણામયી ઘટના આપણે સૌ જાણીએ છીએ. આજકાલ એવી દારુણ ઘટનાઓ બનવા લાગી છે કે એથી કોઈ પણ સંવેદનશીલ મનુષ્ય વ્યથા અનુભવ્યા વિના નહીં રહે. વેરવૃત્તિ પણ આદિમાનવની જ ઓળખ ધરાવતી માનવજાતની ધરોહર છે! માનવ ઈતિહાસમાં વેર વાળવાની ઘટના વગરનો કોઈ સમયખંડ મળવો મુશ્કેલ છે. વેરવૃત્તિ એ અહંકાર ઘવાવાથી ઘટતી નકારાત્મક ઘટના છે. અમદાવાદની સારી ગણાતી મિશન સ્કૂલમાં પણ એ ઘટી શકે છે. નહીંતર મિશનરી શાળાઓમાં જો ઈસુના સંસ્કાર કે જીવનલક્ષી મૂલ્યોને મહત્ત્વ અપાતું હોય તો હજી જેને મૂછનો દોરો પણ ફૂટ્યો નથી એવો માસૂમ બાળક એના સમોવડિયા વિદ્યાર્થી પર જીવલેણ હુમલો કરી જ કેમ શકે? એને વેર વાળવાની ઈચ્છા જ કેમ થાય! ઈસુ તો એક ગાલ પર તમાચો મારનાર સામે બીજો ગાલ ધરવાનો ઉપદેશ આપી ગયા છે. સૂળીએ ચડતી વખતે પણ એમણે અપાર કરુણા અને ક્ષમાભાવ દર્શાવી ઈશ્વરને પ્રાર્થના કરી હતી કે એ લોકો કે જે જાણતા જ નથી કે પોતે શું કરી રહ્યા છે એમને તું માફ કરી દેજે. આંખ સામે આંખ કાઢી લેવાના પાઠ કોઈ ધર્મગુરુ શીખવી જ ન શકે. દેશમાં સેવન્થ ડે સ્કૂલ જેવી જ દુર્ઘટનાઓનો સિલસિલો શરૂ થઈ ગયો છે. અનેક શૈક્ષણિક સંસ્થાઓમાં કોઈ ને કોઈ વિદ્યાર્થી બીજા કોઈ વિદ્યાર્થીની સામે ચપ્પુ હુલાવી રહ્યો છે, કાં તો શિક્ષક સામે લંચબોક્સમાં સંતાડી રાખેલી બંદૂકડી ફોડીને એના અપમાનનો બદલો લઈ રહ્યો છે. અર્થાત્ વૈશ્વિકીકરણના આ જમાનામાં હવે અમેરિકામાં બનતી અમાનુષી ઘટનાઓ ઘરઆંગણે ઘટી રહી છે. હિંસા હવે યુદ્ધમેદાન પૂરતી મર્યાદિત નથી રહી. એણે એનો ફલક વિસ્તારીને શૈક્ષણિક સંકુલોમાં પણ ધાક જમાવી દીધી છે. વાલીઓ માટે હવે નિશાળે જવા નીકળેલું બાળક હેમખેમ પરત ફરશે એવી ખાતરી ભૂતકાળ બની ગઈ છે. પૂજનીય ગણાતા વિદ્યાપુરુષો પર ક્યારે ઉશ્કેરાયેલું ટોળું હુમલો કરી બેસશે એ નક્કી નથી. સેવન્થ ડે સ્કૂલના આચાર્યને ધોલધપાટ કરતા વાલીઓ ક્યારેક કેટકેટલી ભલામણો અને લાગવગો પછી એમના પાલ્યને એવી પ્રતિષ્ઠિત શાળામાં પ્રવેશ અપાવી શક્યા હશે એ તો એમના આત્માને પૂછો તો ખબર પડે. ઉત્તરાખંડની એક શાળામાં શિક્ષકે બધાના દેખતાં વિદ્યાર્થીને લાફો માર્યો હતો. એથી સમસમી ઊઠેલા વિદ્યાર્થીએ લાગ રાખીને એના પિતાની બંદૂક લંચબોક્સમાં સંતાડી એ શિક્ષક સામે ભડાકો કર્યો હતો. નિશાન ચૂકી જવાયું એટલે ગોળી ખભામાં વાગી. જો છાતીમાં વાગી હોત તો શિક્ષકનું મોત જ નીપજ્યું હોત એમાં શંકાને સ્થાન નથી. આવી ઘટનાઓથી કોઈ પણ સમાજ કે દેશ મનોમન હીણપત જ અનુભવે તે સ્વાભાવિક છે. બાળપણ હિંસક બની જાય એ કોઈ પણ પ્રજાને પોસાય નહીં. પાણી પહેલાં પાળ બાંધી દેવામાં જ શાણપણ છે. પણ આવી ઘટનાઓથી વિચલિત થયેલા લોકો પાછા મૂળ બીમારીનો ઈલાજ કરવાને બદલે પોતે જ ઉશ્કેરાઈ જઈ સામાજિક સૌહાર્દ બગાડી બેસે છે. અમદાવાદની ઘટના એનો કમનસીબ પુરાવો છે. આખી કમનસીબ ઘટના બીજી જ દિશામાં ફંટાઈ ગઈ છે. એથી કદાચ કોઈ રાજકીય પક્ષને ફાયદો થયો હશે એ પણ સમાજજીવનમાં તો ક્યારેય કલ્પી ન હોય એવી તિરાડ જ પડી છે.


સેવન્થ ડે સ્કૂલ ઘટના કે ગુજરાતમાં અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં બનેલા આવા બનાવો અથવા ઉત્તરાખંડમાં લાફો મારનાર શિક્ષક સામે તમંચાથી ગોળીબાર કરતા વિદ્યાર્થીનો વીડિયો આપણી સંસ્કૃતિનું ધરમૂળ અધઃપતન જ દર્શાવે છે. ભાઈચારો એ ભારત જેવા ધર્મ અને જાતિ વૈવિધ્ય ધરાવતા દેશ માટે પ્રગતિકૂચની પહેલી શરત છે. અંદરઅંદર લડી-ઝઘડીને રજવાડાં ખતમ થઈ ગયાં હતાં એ આપણો ઈતિહાસ છે. બાળકો પણ આવી કુત્સિત ભૂલો કરવા લાગશે તો આપણો સર્વનાશ નિશ્ચિત છે. જેમને આપણે દેશના ભવિષ્ય તરીકે જોઈએ છીએ એ નવી ઊછરતી અને ઊછળતી પેઢી ધર્મ અને જાતિ જેવા ક્ષુલ્લક મુદ્દાઓ પાછળ ખુવાર થઈ શકે છે. તિરાડ પડી ચૂકી છે, એને વધુ પહોળી ન થવા દઈએ એ સમયનો તકાજો છે. આઝાદી પૂર્વે જનસમુદાયમાં સાંપ્રદાયિક ઝેરનાં બીજ રોપાયાં હતાં જેના પરિણામે અખંડ ભારતના ત્રણ ટુકડા થયા હતા: ભારતના વધુ ટુકડા થાય એવું ના ઈચ્છતા હોઈએ તો ઊછરતી પેઢી વચ્ચે જાતિ અને ધર્મના નામે ઊભી થઈ રહેલી દીવાલ વેળાસર જમીનદોસ્ત કરવી જ રહી. ખોખરાની સેવન્થ ડે સ્કૂલની કમનસીબ ઘટના રીપીટ ન થાય એ માટે શાળા સંચાલકો, શિક્ષણવિદો, સરકાર અને સમાજના આગેવાનોએ જાગવાની જરૂર છે. ભાવનગરની એક શાળામાં પણ કોઈ એક છોકરાએ બીજા છોકરાને છરી બતાવીને ધમકી આપી છે. જ્યાં કલમનો મહિમા થવો જોઈએ ત્યાં છરી અને ચપ્પુની ધાક વરતાશે તો શિક્ષણ અને બાળપણ બેઉ એકીસાથે ટૂંપાઈ જશે એ વેળાસર સમજી લેવાની જરૂર છે. બાળપણ મૂંઝાઈ ગયું છે અને શાળા અસલામત બની રહી છે. એંધાણ સારાં નથી.



# શાસ્ત્રાર્થ: જળકમળ છાંડી જા ને બાળાથી કિતાબોં મેં છપતે હૈ ચાહત કે કિસ્સે

**અબીલ ગુલાલ**
જયવંત પંડયા

**ભારત એ શાસ્ત્રાર્થનો દેશ છે. ટીવી ડીબેટ તો છેલ્લાં ત્રીસેક વર્ષથી આવી. શાસ્ત્રાર્થ તો ઇ.સ. પૂર્વેથી છે. પૂ.આદિ શંકરાચાર્યના માર્ગદર્શક કુમારિલ ભટ્ટે બૌદ્ધ ગુરુને શાસ્ત્રાર્થ કરી હરાવ્યા હતા. શંકરાચાર્યે મંડન મિશ્રને. કાવ્યથી માંડીને હિન્દી ફિલ્મી ગીતોમાં પણ શાસ્ત્રાર્થ જોવા મળે છે**



ઓછામાં ઓછા છેલ્લાં ત્રીસેક વર્ષથી ટીવી પર ચર્ચા થાય છે. દૂરદર્શનની યુટ્યૂબ ચેનલ પર આર્કાઈવમાં 1995ની ચૂંટણી સમયે અટલ બિહારી વાજપેયી, રાજેશ પાઈલોટ, રામવિલાસ પાસવાન એકદમ સૌહાર્દપૂર્ણ રીતે એન્કર નલિનીસિંહ સાથે ચર્ચા કરતાં હોય તેવો વિડિયો છે. કોઈ કોઈના પર હાવી થવાનો પ્રયાસ નથી કરતું.

આજે ટીવી ડીબેટ થાય છે, ડિસ્કશન (એટલે કે ચર્ચા) નથી થતું પરંતુ આજે સોશ્યલ મીડિયાનો જમાનો છે. ‘ઐસા જવાબ દિયા કિ બોલતી હો ગઈ બંદ’ જેવા વિજયઘોષ કેપ્શન સાથે આજે વિડિયો ક્લિપ સોશ્યલ મીડિયા પર મુકાય છે. તેથી ડીબેટમાં પણ ‘દમ હૈ તો બોલ કે દિખાઓ’ આવા પડકારો ફેંકાય છે પરંતુ સારું એ છે કે સંસદમાં ભલે ઓછા દિવસો મળતા હોય (જે પણ યોગ્ય નથી જ) અને જેટલા દિવસો મળે છે તેમાંથી 90% તો હોબાળાના લીધે સ્થગનમાં જ જાય છે પરંતુ ટીવી પર તો ડીબેટ થાય છે. સુધાંશુ ત્રિવેદી કે આલોક શર્મા જેવા પ્રવક્તાઓ તથ્યો મૂકતા હોય છે. આનંદ રંગનાથન જેવા તટસ્થ વિશ્લેષક આંકડા સાથે વિગતો મૂકતા હોય છે. યુટ્યૂબ પર રવીશકુમાર, પુણ્ય પ્રસૂન વાજપેયી જેવા લોકો મોટા ભાગે એકોક્તિ એટલે કે મોનોલોગ કરે છે. તેમાં એકપક્ષીય અને રોજેરોજ એક જ મુદ્દે વાત હોય છે.

આની સામે એક છે પૉડકાસ્ટ. સંગીતકાર જોડી દિલીપસેન-સમીરસેન પૈકીના દિલીપસેન હોય કે પહલાજ નિહલાની, કુનિકા સદાનંદ હોય કે પછી નીતિન ગડકરી, આજે પૉડકાસ્ટરો પલંગ પર પલોઠી વાળીને પણ પ્રશ્ન પૂછે છે અને કુનિકા તો બિન્દાસ્ત એમ પણ કહે કે હૅન્ડસમ હીરો હોય તેથી છોકરીઓ તેની પ્રત્યે આકર્ષાય પરંતુ એનો અર્થ એ નથી કે તે સેક્સ્યુઅલી પણ ફિટ જ હોય. શુભાંકર મિશ્રા જેવો પ્રમાણમાં નવોસવો પત્રકાર પોતાને ત્યાં પુરી પીઠના શંકરાચાર્ય પૂ. નિશ્ચલાનંદ સરસ્વતીજીને પણ પૉડકાસ્ટમાં લાવી શકે છે.

સમગ્રતયા, લોકો ચર્ચા કરી રહ્યા છે અને આ ટ્રેન્ડ ભારતમાં જ છે તેવું નથી. વિદેશમાં પણ આવું થઈ રહ્યું છે. અમેરિકામાં ટર્નિંગ પૉઈન્ટ યુએસએના સ્થાપક ચાર્લી કર્ક પણ કૉલેજના વિદ્યાર્થીઓના પ્રશ્નોના ઉત્તર આપે છે. પહેલાં ભારતમાં દાદા ભગવાન ખ્યાત સ્વ. નીરુબેન અમીન આપતાં અને તે પછી દીપકભાઈ દેસાઈ લોકોના પ્રશ્નોના ઉત્તર આપે છે. સદગુરુ જગ્ગી વાસુદેવ પણ બરખા દત્ત, જાવેદ અખ્તર જેવા વિચારવિરોધીઓ સાથે પ્રશ્નોત્તરી-ચર્ચાના કાર્યક્રમો કરી ચૂક્યા છે અને લોકોના પ્રશ્નોના ઉત્તર આપે છે.

કહેવાનો અર્થ એ છે કે કોઈ પોતાની વાત ન માને તો તેનું ગળું કાપી નાખવું કે તેને ગોળી મારવી તે પશ્ચિમની, વિશેષ રૂપે મધ્ય-પશ્ચિમ (અમેરિકા માટે મધ્ય-પૂર્વ છે, આપણા માટે મધ્ય-પશ્ચિમ)ના કબીલાઓની રીત હશે, આપણી રીત નથી. આપણે ત્યાં તો ઋષિ યાજ્ઞવલ્ક્ય અને વિદૂષી ગાર્ગી વચ્ચે શાસ્ત્રાર્થ થયો હતો. પૂ. આદિ શંકરાચાર્ય અને મંડન મિશ્ર વચ્ચે શાસ્ત્રાર્થ હતો ત્યારે મંડન મિશ્રના પત્ની ઉભય ભારતી નિર્ણાયિકા તરીકે હતાં અને તેમણે પોતાને તટસ્થ દેખાડવા નહીં પરંતુ ખરેખર શંકરાચાર્ય જીત્યા હતા, તેથી તેમના પક્ષમાં નિર્ણય



આપ્યો હતો. પૂ. શંકરાચાર્યના માર્ગદર્શક કુમારિલ ભટ્ટ બૌદ્ધ પંથના લોકોના ખોટા પ્રચારને ખાળવા નામ બદલી નાલંદા વિદ્યાપીઠમાં ગયા હતા અને ત્યાં તેમણે તેમના બૌદ્ધ ગુરુને શાસ્ત્રાર્થમાં હરાવ્યા હતા અને સનાતનનો ડંકો વગાડ્યો હતો. પરંતુ ગુરુને હરાવ્યા તેનો દ્રોહ લાગે, તેથી કોઈએ કહ્યું નહોતું તો ય પોતાની જાતને શિક્ષા કરી આત્મદાહ કરી જીવનનો અંત પણ લાવ્યો હતો. આપણને કોઈ શું કહી શકે કે તમારે ત્યાં મહિલાઓનો સ્વર દબાવી દેવાય છે? આપણને કોઈ શું નૈતિકતાના પાઠ પઢાવવાના હતા?

શાસ્ત્રાર્થ ભારતનાં કાવ્યોમાં અને ફિલ્મ ગીતોમાં પણ છે. ગુજરાતીમાં પણ શાસ્ત્રાર્થ છે. કેમ? ભૂલી ગયા ‘જળકમળ છાંડી જા ને બાળા, સ્વામી અમારો જાગશે’- આ કાવ્ય કાલિયદમનના પ્રસંગનું છે જેમાં નાગણો અને શ્રીકૃષ્ણ વચ્ચે સંવાદ-પ્રતિ સંવાદ થાય છે. ‘મૈયા મોરી મૈં નહીં માખન ખાયો’ ભજન શું છે? અને અંતે ‘મૈયા મોરી મૈંને હી માખન ખાયો!’ કેવી શબ્દ ચમત્કૃતિ અને તેના દ્વારા કૃષ્ણની સ્વીકારોક્તિ કે મેં જ માખણ ખાયું છે! ફિલ્મી ગીતોમાં બે પક્ષો વચ્ચે ગીતો દ્વારા સંવાદ - શાસ્ત્રાર્થ થયો છે. ‘ધૂલ કા ફૂલ’નું ‘તેરે પ્યાર કા આસરા ચાહતા હૂં’ કૉલેજની સ્પર્ધામાં પ્રેમી અને પ્રેમિકા વચ્ચે થતો સંવાદ-પ્રતિ સંવાદ છે, ‘અખિયોં કે ઝરોખોં સે’માં તો દોહા દ્વારા સામસામે વાત મુકાય છે. તો ‘ત્રિશૂલ’માં એક તરફ, શશી કપૂર-હેમામાલિની પ્રેમના પક્ષમાં ગાય છે તો દુનિયાથી દુભાયેલો અમિતાભ બચ્ચન કહે છે, ‘કિતાબોં મેં છપતે હૈ ચાહત કે કિસ્સે, હકીકત કી દુનિયા મેં ચાહત નહીં હૈ’. ‘બરસાત કી એક રાત’માં ‘યે ઈશ્ક ઈશ્ક હૈ ઈશ્ક ઈશ્ક’ કે ‘મુગલ-એ-આઝમ’માં ‘તેરી મહેફિલ મેં કિસ્મત આઝમાકર હમ ભી દેખેંગે’માં સામસામી વાદો રજૂ કરાયા છે. પત્ની કેવી અને પતિ કેવો, સ્ત્રી મહાન કે પુરુષ મહાન તેની ચર્ચા તો ફિલ્મવાળાઓ વર્ષોથી કરે છે. ભગવાન દાદાની ‘અલબેલા’નું ‘ભોલી સૂરત દિલ કે ખોટે’ લો કે કિશોરકુમારની ‘અધિકાર’નું ‘કમાતા હૂં બહોત કુછ પર, કમાઈ ડૂબ જાતી હૈ’ કે ‘હમ તુમ’નું ‘લડકી ક્યોં, ન જાને ક્યોં લડકો સી નહીં હોતી’ ગીત આવું જ છે. ‘ઈશ્વર’ના ‘આગે સુખ તો પીછે દુઃખ હૈ’માં એક તાજી વિધવા થયેલી યુવાન સ્ત્રીને તેનાં ગામનો ભોળો માણસ સમજાવે છે કે દુઃખ પછી સુખ આવશે અને ભગવાન જેમ ધારે તેમ જ થાય છે. તે કહે છે, ‘દુઃખ સીતા કી અગ્નિપરીક્ષા, સુખ સીતા સંગ રામ મિલન હૈ’ પરંતુ વિધવાને લાગે છે કે ‘દુઃખ સીતા કી અગ્નિપરીક્ષા, સુખ એક ઝૂઠી આશ કિરણ હૈ, જીવન દુઃખ હી દુઃખ હૈ’.

જેકી શ્રોફ અને અનિલ કપૂરની ‘રામલખન’માં અનિલ કપૂરનું ચિંતન ભ્રષ્ટાચારના માર્ગે પણ પૈસા કમાવા મળે તો કમાવાનું અને પોતાના તાઉએ સંપત્તિ છિનવી લીધી તેને દેખાડી દેવાનું છે પરંતુ પોલીસ ઈન્સ્પેક્ટર જેકી શ્રોફ માને છે કે સાચા માર્ગે જ ચાલવું. આથી લખન (અનિલ કપૂર) ‘માય નેમ ઈઝ લખન’માં ગાય છે, ‘ખા પી રહા હૈ સારા ઝમાના, જો ભૂખા પ્યાસા હૈ વો દીવાના’ ત્યારે મોટો ભાઈ શીખામણ આપે છે કે ‘અરે, દૌલત કી ઝૂઠી ચમક પે ના જાના, મહેનત સે રોટીરોઝી કમાના’. ભારત એ ખરે જ સંવાદનો દેશ છે.

અનુસંધાન પાના એકનું

## નો નોનસેન્સ

આ માણસની મૌલિકતા જુઓ. “If there is a landslide, the danger of the second possibility becoming actuality is much greater.” જ્યારે ચોક્કસ વિચારધારાનો જુવાળ પેદા થાય (તેમણે landslide શબ્દ વાપર્યો છે.) ત્યારે. અત્યારે હિન્દુત્વની landslideનો અનુભવ થઈ રહ્યો છે.

ડૉ. આબેડકર તો દલિત હતા એટલે લોકશાહી જળવાઈ રહે એમાં દલિતો અને વંચિતોનું તેમણે હિત જોયું હતું. લોકશાહી એટલે પ્રજાનો અવાજ. લોકશાહી એટલે પ્રજાની સ્વતંત્રતા. લોકશાહી એટલે પ્રજાની સત્તા અને લોકશાહી એટલે કાયદાનું રાજ. પ્રજા પ્રત્યે અને કાયદા પ્રત્યે જવાબદારી ધરાવતું રાજ. સવર્ણો સમાજની સીડી પર ઉપરનું સ્થાન ધરાવે છે એટલે તેઓ વર્ચસ ભોગવે છે, ચડિયાતાપણાની સ્વતંત્રતા ભોગવે છે એટલે તેમને લોકશાહીની જરૂર નથી એમ જો તમે માનતા હો તો તમે ભૂલ કરો છો. કનૈયાલાલ મુનશી પણ આવો જ અભિપ્રાય ધરાવતા હતા. તેઓ બ્રાહ્મણ હતા અને હિન્દુ હોવા માટે ગર્વ ધરાવતા હતા. તેઓ પણ ડૉ. આંબેડકરની સાથે બંધારણ ઘડનારી મુસદ્દા સમિતિના સભ્ય હતા અને બંધારણ ઘડવામાં તેમનો પણ મોટો ફાળો હતો. તેમણે સુદ્ધાં અનેકવાર કહ્યું છે કે કાયદાના રાજમાં માત્ર માત્ર દલિતો, વંચિતો, લઘુમતી કોમોનોને જ સુરક્ષા નથી મળતી, બહુમતી પ્રજાને પણ તેમાં ફાયદો છે. વર્ચસ ધરવાનારાઓના કાયદામાં અને દેશના કાયદામાં ફરક છે. વર્ચસ ધરાવનારાઓના રાજમાં અને કાયદાના રાજમાં ફરક છે. કઈ રીતે એ હું સમજાવું. વર્ચસ ધરાવનારાઓ સાપેક્ષ છે. તેઓ બદલાતા રહે છે, તેમનો સ્વાર્થ બદલાય છે, પોતાની વગ કાયમ માટે ટકી રહે એ માટે તેઓ ટોળકી રચશે અને સત્તા પર કબજો કરશે. આ બાજુ બંધારણ આધારિત કાયદાનું રાજ સમૂહ નિરપેક્ષ હોય છે.

કનૈયાલાલ મુનશીને પણ ભારતમાં લોકશાહી ટકશે કે નહીં એ વિષે ચિંતા થતી હતી. ડૉ. આંબેડકરની માફક તેમને પણ ખબર હતી કે દેશમાં કેટલાક પરિબળ એવાં છે જેમના વિચાર, માન્યતા અને આગ્રહો રાષ્ટ્રહિત કરતાં પણ આત્યંતિક છે. દેશનું થવું હોય તે થાય પણ દેશ તો આવો જ હોવો જોઈએ.

તેઓ કોનાથી ભયભીત હતા? ૧૯૪૯ની સાલમાં કનૈયાલાલ મુનશીને ‘હિન્દુસ્તાન ટાઈમ્સ’ના તંત્રી દેવદાસ ગાંધીએ આઝાદ ભારતના ભવિષ્ય અને પડકારો વિષે લખવા કહ્યું હતું. તેમના લેખનું શીર્ષક હતું: ‘ધ આરએસએસ એન્ડ ધ કોમ્યુનિસ્ટ’ તેમાં તેઓ લખે છે કે ગાંધીજીએ વિકસાવેલો મધ્યમમાર્ગ અને નેહરુ-સરદારના અભિગમની પરસ્પર પુરકતા જો જળવાઈ રહે તો જ દેશનું ભવિષ્ય સુરક્ષિત છે. જો એ સુર્વણ-મધ્ય સર્વસમાવેશકતા અને અભિગમની પરસ્પર પુરકતા ગુમાવી દીધી તો સામ્યવાદીઓ અથવા હિન્દુત્વવાદીઓ હાવી થઈ જશે અને એ લોકોની કલ્પનાનું ભારત જૂદું છે. કનૈયાલાલ મુનશી લખે છે: “If The C.P.I. Wins, India Will be in chaos; If the R.S.S. Wins India may lapse into a Strong Fascist State.”

ડૉ. આંબેડકર અને કનૈયાલાલ મુનશીને જે વાતનો ડર હતો એ આજે સાચી પડી રહી છે. એક દલિત અને બીજા હિન્દુ બ્રાહ્મણ. એક સદીઓથી વંચિત અને એક સદીઓથી વર્ચસ્વી. એકની કોમનો હાથ નીચે હતો, બીજાની કોમનો હાથ ઉપર હતો પણ એ બન્નેને લાગતું હતું કે લોકતંત્ર પર આગ્રહી વિચારધારા ધરાવનારાઓ તરફથી ખતરો છે અને લોકતંત્ર જળવાઈ રહે એમાં દરેકનો સ્વાર્થ છે. ડૉ. આંબેડકર જે સમાજમાંથી આવતા હતા તેનો પણ અને મુનશી જે સમાજમાંથી આવતા હતા તેનો પણ. ડૉ આંબેડકરે કહ્યું ભાખ્યું થું એમ અત્યારે દેશમાં લોકતંત્રનું ખોખું બચ્યું છે અને વાસ્તવમાં સરમુખત્યારશાહી છે. ચૂંટણીપંચ ભારત સરકારનું ચૂંટણીપંચ બની ગયું છે. એકવાર ટી. એન. શેષને કહ્યું હતું કે આય એમ અ ચીફ ઈલેકશન કમિશનર ઓફ ઈન્ડિયા નોટ ઓફ ઈન્ડિયન ગવર્નમેન્ટ. લોકોની નાગરિકતા સાથે અને મતના અધિકાર સાથે ચેડાં કરવામાં આવી રહ્યા છે. લોકોને મત આપવાથી વંચિત રાખવામાં આવે છે અને ભૂતિયા મતદાતાઓને નામે મતદાન થાય છે. વડી અદાલતના અને સુપ્રીમ કોર્ટના કેટલાક જજ બીકાઉ અને પક્ષપાતી છે. મીડિયાની વાત જ કરવા જેવું નથી. કનૈયાલાલ મુનશીએ કહ્યું હતું એમ આની સૌથી મોટી કિંમત બહુમતી હિન્દુઓને ચૂકવવાની આવશે, કારણ કે તેઓ બહુમતીમાં છે અને કાયદાના રાજમાં તેમનો વધારે મોટો સ્વાર્થ છે. જો તમને આવું ન લાગતું હોય તો લખી રાખજો તમે એક બેજવાબદાર અને નિંભર નાગરિક છો. મુસલમાનનું અહિત કરવા માટે તમે તમારા સંતાનનું અહિત કરી રહ્યા છો.

અનુસંધાન પાના એકનું

## બહુશ્રુત

દોઢ કલાકની આ વાત-ચીતમાં અમેરિકાની લેહાઈ યુનિવર્સિટી, પેન્સિલ્વેનિયામાં પ્રાધ્યાપક તરીકે કાર્યરત નંદિની દેઓ ડાયસ્પોરા રાજકારણનાં અભ્યાસુ છે. તેઓ આ ઈન્ટરવ્યુમાં કહે છે કે જે ભારતીય અમેરિકનો એક સમયે ટ્રમ્પના પ્રચારક બની ગયા હતા તે હવે ચૂપ છે - તેઓ આ બીજી ઈનિંગના ચાર વર્ષ પુરા થાય તેની મુંગા મોંએ રાહ જુએ છે. ન્યુ જર્સી એડિસન જે ખાસ કરીને ગુજરાતીઓ અને દક્ષિણ એશિયાઈ સમુદાયનો ગઢ ગણાય છે ત્યાંના લોકોને લાગે છે તેમનો ઉપયોગ કરાયો અને પછી તેમને ફગાવી દેવાયા. એક સમયનો તેમનો ઉત્સાહ તેમની શરમ બની ગયો છે. ભારતમાં પણ આ શરૂઆતી રોમાંચ ઘટી ગયો છે, ટ્રમ્પને માટે હવન કરનારા ભારતીયો હવે તેના પૂતળાં બાળે છે. આ બધાની અસર હવે સ્પષ્ટ દેખાઈ રહી છે. એક સમયે ટ્રમ્પના સૌથી મોટા હિમાયતી રહેલા ભારતીય અમેરિકનો આજે મૌન છે. અમેરિકામાં વસતા ભારતીયોને ભોળા કે લાગણીશીલ માનીને તેમને દયા ખાવી જોઈએ? USAમાં હિન્દુ રાષ્ટ્રવાદી જૂથો જેમાં VHPની વિદેશી શાખાઓ અને રિપબ્લિકન હિન્દુ કોએલિશન જેવી સંસ્થાઓ સામેલ છે. આ તમામ ટ્રમ્પના ઈસ્લામોફોબિયા, પોતાનાથી અલગ દેખાતા ઈમિગ્રન્ટ્સ પ્રત્યનો અણગમો અને બહુમતીવાદના ગાણાંને કારણે ટ્રમ્પ તરફ આકર્ષાયા હતા. તેઓ એમ માની બેઠા કે આ બધું પોતે પણ વિચારે છે એટલે ટ્રમ્પ સાથે તાલ મિલાવવો જ જોઈએ. ભારતીય ડાયસ્પોરામાંના કેટલાક હિસ્સાએ પોતાની કોમવાદી રાજનીતિનો પડઘો ટ્રમ્પના ઈસ્લામોફોબિયામાં જોયો. કાયદાકીય ઈમિગ્રેશન પ્રત્યેના તિરસ્કારને અવગણીને ટ્રમ્પની પાકિસ્તાન પ્રત્યેની કડક વાતોને બિરદાવી. લોકશાહી પર થતા હુમલાઓ જોવાને બદલે સરમુખત્યાર વલણની વાહવાહી કરી. તેમને એમ લાગ્યું કે એક જૂની લોકશાહી અને બીજી મોટી લોકશાહી મળીને કમાલ કરી દેશે પણ આ બધી આશાઓ પર પાણી ફરી વળ્યું. ટ્રમ્પના ભારતીય ટેકેદારો અત્યારે ચૂપ છે, જો કે મજાની વાત એ છે કે તેમણે ટ્રમ્પનો વિરોધ પણ નથી કર્યો. તેઓ બસ અત્યારે સીનમાંથી ગાયબ છે. ડાયસ્પોરાએ તો એ સમજવાની જરૂર છે કે મોદી અને ટ્રમ્પ જેવા રાજકારણીઓ પોતાની લોકપ્રિયતાનો ઉપયોગ કઇ રીતે કરી શકે છે? આ નકરું રાજકારણ છે. ટ્રમ્પે મોદીના ગુણગાન ગાયા અને પોતાને વૈશ્વિક સત્તાધrશ તરીકે દર્શાવવાનો પ્રયાસ કર્યો તો મોદીએ ભારત એક રાષ્ટ્ર તરીકે USA સાથે ખભેખભા મેળવી ચાલી શકે છે તે દર્શાવવા આ દોસ્તીનો પ્રચાર કર્યો. ટ્રમ્પ લેવડ-દેવડમાં માનનારા એક સ્વાર્થી બિઝનેસમેન અને રાજકારણી છે અને એવા જ રહેશે. ઈલોન મસ્ક સાથેની તેમની દોસ્તી ક્યાં હતી અને હવે ક્યાં છે એ જ બતાડે છે કે ટ્રમ્પને માટે પોતાને કોઈ કેટલો વખત કામ લાગશે તેનાથી વધારે અગત્યનું કંઈ છે જ નહીં.

અનુસંધાન પાના ત્રણનું

## કબીરા ખડા બજારમેં

રહ્યા છે. જે લોકોને રાજકીય કારણોસર જેલમાં પૂર્યા છે તેઓને મુક્ત કરવાની, દેશની સરકારી ટેલિવિઝન ચેનલો પર કટ્ટરવાદીઓ અને તેઓની ધાર્મિક નીતિઓએ જે પકડ જમાવી છે તે દૂર કરવાની, ઈન્ટરનેટના ઉપયોગ પર જે પ્રતિબંધો છે તે પણ હટાવવાની માંગણીઓ થઇ રહી છે. જો સરકાર આ અંકુશો હળવા કરશે તો લોકોમાં એ આશા જાગશે કે હજી વધુ સુધારાઓને અવકાશ છે કારણ કે આ પ્રાથમિક સુધારો કરવાનું શક્ય છે, અઘરું નથી. યુદ્ધ શમી ગયાના બે સપ્તાહ બાદ ઈરાનની સરકારે એક કાનૂન માટેનો ખરડો તૈયાર કર્યો હતો. જેમાં સોશ્યલ મીડિયા પર જુઠા સમાચારો કે અફવાઓ પર પ્રતિબંધો મૂકવાનો ઈરાદો હતો. પરંતુ અમુક ટીકાકારોની દલીલ હતી કે આમ કરીને સરકાર ઈન્ટરનેટનો વપરાશ અટકાવવા માગે છે. આખરે લોકોનો વિરોધ સમજીને સરકારે એ ખરડો ત્યાંની સંસદમાંથી પાછો ખેંચી લીધો. યુદ્ધ અગાઉના સમયમાં ઈસ્લામિક શાસન પ્રજાના વિરોધ સામે મચક આપતું ન હતું. સ્ત્રીઓએ ઈરાનનાં અનેક શહેરોમાં જાહેરમાં બુરખાઓ સળગાવી, ખુલ્લા માથે સરકાર સામે વિરોધ કર્યો હતો. ઈરાની પુરુષોએ પણ તે મહિલાઓને સમર્થન આપ્યું હતું. મ્હીસા અમીની નામક યુવતીને બુરખો બરાબર નહીં ઓઢવાના આરોપસર રેવોલ્યુશનરી ગાર્ડસે જેલમાં પૂરીને મારી નાખી હતી. ત્યાર બાદ ઈરાનમાં જે વિરોધ જાગ્યો તેને કચડવા ઈરાની શાસને પાંચસોથી વધુ સ્ત્રીઓને મારી નાખી હતી. હવે ખરડો પાછો ખેંચી લીધો તે બતાવે છે કે ઈરાની શાસન લોકોની વધુ નારાજગી વહોરી લેવા માંગતું નથી. હમણાં ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કીઆને સુધારાવાદીઓ સાથેની એક મીટિંગ દરમિયાન એવું નિવેદન પણ આપ્યું કે દેશની સમસ્યાઓ, સવાલોના ઉકેલો માટે વાદ-વિવાદ કરવાને બદલે સંવાદ સાધવાની વધુ જરૂર છે. દાયકાઓ સુધી સરકારે વિપક્ષો અને સુધારાવાદીઓને ક્યારેય ભાવ આપ્યો ન હતો, બલ્કે વધુ ઉગ્ર રૂપ ધારણ કર્યું હતું. હવે એ અહંકાર ઢીલો પડ્યો છે. મસૂદના નિવેદનને ઘણી આશા સાથે વધાવવામાં આવ્યું છે પરંતુ એ શક્યતા રહે છે કે વિપક્ષો અને વિરોધીઓને હાલપૂરતા ઠંડા પાડવાનો આ કારસો પણ હોઈ શકે. ઈરાનના મોટા ભાગના લોકોમાં આ શંકા છે જ. અમુક આગેવાન વિરોધીઓ કહે છે કે સરકાર જેલોમાં રાજકીય કેદીઓ સાથે જે ખરાબ વર્તન કરે છે તેમાં હજી કોઈ સુધારો થયો નથી. ઈરાની શાસન બોલે છે જુદું અને કરે છે જુદું. સરકારની અંદરથી પરિવર્તન આવે તે બાબતમાં હવે ઘણું મોડું થઈ ગયું છે. ઈરાનમાં એક નવું બંધારણ ઘડવામાં આવ્યું છે તેના પર લોકમત યોજવાની માગણીઓ પણ સુધારાવાદી નેતાઓની છે. સુધારાવાદી વિપક્ષી નેતાઓ કહી રહ્યા છે કે, ‘ધારે ત્યારે ઈરાન પર આક્રમણ કરવાની ઈઝરાયલની ક્ષમતા અને તેનો સામનો કરવાની ઈરાનની અક્ષમતાએ ઈરાનના વર્તમાન શાસનનાં જૂઠાણાંઓ ખુલ્લાં પાડી દીધાં છે. વીસ વીસ વર્ષ સુધી સરકાર પ્રજાને ફાકી ખવડાવતી રહી કે ઈરાન જે કંઈ કરી રહ્યું છે તે ઈરાન અને તેની પ્રજાની સલામતી માટે કરી રહ્યું છે પણ અમે (વિરોધીઓ) જાણતા હતા કે સરકારની સિસ્ટમ એટલી અસરદાર નથી. સરકાર પાસે ‘સલામતી’ના નામનું જે કારણ કે શસ્ત્ર હતું તે પણ હવે બુઠ્ઠું સાબિત થયું છે. ઈરાનની સરકાર પાસે સત્તામાં રહેવા માટે હવે કોઈ વાજબી કારણ બચ્યું નથી.’’ આ વિપક્ષોનું કહેવું છે.